શ્રુતદીપ રિસર્ચ ફાઉંડેશનનો સંવાદ-સેતુ

# શ્રુતદીપ

વિક્રમ સંવત ૨૦૭૪ • વર્ષ : ૨ • અંક : ૨ ઑક્ટોબર ૨૦૧૮



## પ્રાચીન ભારતીય લિપિઓનો પરિચય

ડૉ. અનિર્વાણ દાશ (સહાયક પ્રોફેસર, પાલી વિભાગ, પુણે વિદ્યાપીઠ, પુણે)

જેને લખી શકાય તેને લિપિ કહેવાય છે અને જેને બોલી શકાય તેને ભાષા કહેવાય છે. ભાષાને જીવંત રાખવા માટે લિપિનો ઉપયોગ થાય છે. બ્રાહ્મી લિપિ ભારતની સિવાય જપાન, સુમાત્રા, બાલી (ઇંડોનેશિયા) તથા મધ્ય એશિયાના દેશોની લિપિની જનની છે. લિપિનો વિકાસ ત્રણ સ્તર પર થયો છે એમ કહેવાય છે-

**૧. ચિત્રલિપિ ૨.ભાવલિપિ ૩.ધ્વનિલિપિ**

**૧. ચિત્રલિપિ** - ચિત્રના માધ્યમથી વિચારોની અભિવ્યક્તિની પ્રક્રિયાને ચિત્રાત્મક લિપિ કહેવાય છે. જે વસ્તુનું વર્ણન કરવાનું હોય એનું ચિત્ર બનાવવામાં આવતું હતું. ચિત્રલિપિનો પ્રયોગ લગભગ બધા જ દેશમાં જોવા મળે છે. મિસ્ર, મેસોપોટામિયા, સ્પેન, ઉત્તર અમેરિકા, ચીન તથા ભારત દેશમાં ચિત્રલિપિના પ્રાચીન અવશેષો ઉપલબ્ધ થાય છે. ભાષાનાં શ્રવણ સાથે ચિત્રલિપિનો જરા પણ સંબંધ નથી. આથી વાસ્તવિક અર્થમાં આને લિપિ માનવી યુક્તિસંગત નથી. વર્તમાન સમયમાં ચીનમાં ચિત્રલિપિનો પ્રયોગ થાય છે. ઘણાં દેશોમાં દોરીમાં ગાંઠ બાંધીને સંદેશ (સમાચાર) મોકલવામાં આવતા હતા. પેરુ દેશના લોકો આનો પ્રયોગ કરતા હતા. લાલ દોરીનો અર્થ સૈનિક, પીળી દોરીનો અર્થ સુવર્ણ, સફેદ દોરીનો અર્થ ચાંદી અને લીલી દોરીનો અર્થ અનાજ થતો હતો. તેને સૂત્રલિપિ કહેવાય છે. તે પણ ચિત્રલિપિ જ ગણાય છે.




સિંધુ ઘાટી સભ્યતામાં પશુપતિ

**૨. ભાવલિપિ** - ભાવલિપિ ચિત્રલિપિનું વિકસિત સ્વરૂપ છે. જેમ કે ગોળ આકૃતિનો અર્થ સૂર્ય, તાપ, પ્રકાશ, તારા એવો થાય. દુઃખના સમયને દર્શાવવા આંખમાંથી પડતાં આંસુના ટીપાંનો પ્રયોગ થાય છે. ભાવલિપિનાં ઉદાહરણ ચીન, ઉત્તરી અમેરિકા, પશ્ચિમ આફ્રિકા વગેરે દેશોમાં જોવા મળે છે.




દુઃખનો બોધક સંકેત

**૩. ધ્વનિલિપિ** - ધ્વનિલિપિ માણસની ઉત્કૃષ્ટ ઉપલબ્ધિ છે. આમાં પ્રત્યેક ધ્વનિના સંકેત નિશ્ચિત કરવામાં આવ્યાં છે. દેશ-કાલ અનુસાર ધ્વનિલિપિનો વિકાસ થતો રહ્યો છે. બ્રાહ્મી અને ખરોષ્ઠી ધ્વનિલિપિનો



બ્રાહ્મી લિપિ

જ પ્રકાર છે. બ્રાહ્મી લિપિ ડાબી બાજુથી જમણી બાજુ લખાય છે અને ખરોષ્ઠી લિપિ જમણી બાજુથી ડાબી બાજુ લખાય છે. ખરોષ્ઠી લિપિ ઈસુની પાંચમી-છઠ્ઠી સદી પછી વપરાતી નથી.



ખરોષ્ઠી લિપિ

પશ્ચિમના તથા ભારતીય વિદ્વાનોએ પ્રાચીન લિપિના રહસ્યોદ્‌ઘાટનનું કામ અઢારમી સદીમાં પ્રારંભ કર્યું. પ્રાચીન લિપિની પ્રામાણિકતા સિદ્ધ કરવામાં સર્વપ્રથમ ગ્રોટ ફેન્ડ નામના અંગ્રેજ વિદ્વાને પોતાનું યોગદાન આપ્યું હતું. તેમણે ઈ.સ. ૧૮૦૨માં મેસોપોટામિયાની કીલાક્ષર લિપિ (ચિત્રલિપિ) ઉકેલી. ભારતમાં બ્રાહ્મીલિપિની ઓળખ જેમ્સ પ્રિંસેપે ઈ.સ.૧૮૩૭માં કરી. ચીની વિશ્વકોશ ફા-વન-સુ-લિવ (ઈ.સ.૬૮૮) પ્રમાણે લેખનની શોધ ત્રણ દૈવી શક્તિઓએ કરી હતી. પહેલી દૈવી શકિત હતી- ફન્ (બ્રહ્મા) જેમણે બ્રાહ્મીલિપિની શોધ કરી. બીજી દૈવી શકિત હતી- કિયા-લુ (ખરોષ્ઠ) જેમણે ખરોષ્ઠી લિપિની શોધ કરી અને ત્રીજી દૈવી શક્તિ હતી ત્સામ-કી જેમણે ઉપરથી નીચે લખાતી લિપિની શોધ કરી હતી. આ જ વિશ્વકોશમાં આગળ એ બતાવવામાં આવ્યું છે કે- પહેલી બે લિપિના દેવતા ભારતમાં અને ત્રીજા ચીનમાં ઉત્પન્ન થયા છે. બ્રાહ્મીલિપિથી ભારતની દક્ષિણ અને ઉત્તરી ધારાઓમાં લિપિઓનો વિકાસ થયો. ઉત્તરી ધારામાં શારદા, ડોગરી, ગુરુમુખી આ લિપિનો સમાવેશ થાય છે. દક્ષિણધારામાં ગ્રંથ, તમિળ, મલયાલમ, પ્રાચીન કન્નડ આ લિપિનો સમાવેશ થાય છે.

# બ્રાહ્મી લિપિનો આધુનિક લિપિ સુધીનો વિકાસ

**ડૉ. મહાવીર શાસ્ત્રી (પ્રાકૃત વિભાગપ્રમુખ વાલચંદ કૉલેજ, સોલાપુર)**

પ્રાચીન ભારતીય સંસ્કૃતિ અને ઇતિહાસનો અભ્યાસ લિપિ અને ભાષાના જ્ઞાનથી થાય છે. આપણી પ્રાચીન પરંપરા સાંભળીને યાદ રાખવાની હતી. આને શ્રુતપરંપરા કહેવામાં આવે છે. જ્યારે યાદ રાખવાનું કઠિન થવા લાગ્યું ત્યારે લેખનકળાનો વિકાસ થયો. જૈનપરંપરા અનુસાર ભગવાન ઋષભદેવે બ્રાહ્મી કન્યાને જમણા ખોળામાં બેસાડીને લિપિ શીખવી અને બીજી કન્યા સુંદરીને ડાબા ખોળામાં બેસાડીને અંકગણિત શીખવ્યું. એ માટે લિપિ જમણેથી ડાબી બાજુ લખાય છે અને અંક (આંક) ડાબી બાજુથી જમણી બાજુ લખાય છે. બ્રાહ્મી કન્યાના નામથી **બ્રાહ્મી લિપિ** નામ પડ્યું છે. ભારતીય પ્રાચીન લિપિમાં સિંધુલિપિનો સર્વપ્રથમ ઉલ્લેખ પ્રાપ્ત થાય છે.




બ્રાહ્મી-સુંદરીને લિપિ અને અંકગણિત શીખવતા ભ. ઋષભદેવ

**૧. સિંધુલિપિ -** આ લિપિ ચિત્રલિપિથી ઉત્પન્ન થઈ છે. સિંધપ્રાંતમાં મોહેં-જો-દરોના ખોદકામમાં ચિત્રલિપિની ઉત્કીર્ણ મુદ્રાઓ મળી હતી. ચિત્રલિપિથી લિપિઓનો વિકાસ થયો છે.

**૨. બ્રાહ્મી લિપિ -** આ લિપિને બધી જ ભારતીય લિપિની જનની કહેવામાં આવે છે. સમ્રાટ ખારવેલે આજથી લગભગ બે હજાર વર્ષ પહેલા ઉડીસા પ્રાંતમાં ઉદયગિરિ-ખંડગિરિની હાથીગુફા શિલાલેખ પર બ્રાહ્મીલિપિમાં નવકાર મહામંત્રના બે પદ કોતરાવ્યા હતા.

**૩. ખરોષ્ઠી લિપિ -** ઈ.સ. પૂર્વ ચોથી સદીથી આ લિપિનું પ્રચલન થયું. આ લિપિ ઇંડોબેક્ટ્રિયન, બેક્ટ્રોપાલી, કાબુલિયન આ નામથી પણ ઓળખાય છે.



હાથીગુફા (ખંડગિરિ-ભુવનેશ્વર)

**૪. ગુપ્તલિપિ -** ગુપ્તવંશના રાજાઓ એમના સંદેશ મોકલવા માટે આ લિપીનો ઉપયોગ કરતા હતા.

**૫. કુટિલ લિપિ -** ગુપ્તલિપિનું જ વિકસિત રૂપ કુટિલલિપિ છે. ઇ.સ. છટ્ઠી સદીથી નવમી સદી સુધી આ લિપિ પ્રચલનમાં રહી.

**૬. શારદાલિપિ -** આ લિપિનો સમય ઇ.સ. ૧૦મી સદી છે. શારદાલિપિ વધારે કાશ્મીરમાં ચાલતી હતી. આ લિપિથી જ લંડા, ડોગરી, ચમેઆલી, ગુરુમુખી આદિ લિપિઓનો વિકાસ થયો છે.

**૭. નાગરીલિપિ -** કુટિલલિપિમાંથી નાગરી લિપિ ઉત્પન્ન થઇ છે.

સમ્રાટ અશોકના શિલાલેખ બ્રાહ્મી અને ખરોષ્ઠી લિપિમાં લખેલા મળે છે. બ્રાહ્મી લિપિના વિકાસમાં સર્વપ્રથમ રેખાએ બનાવાઇ, એ રેખાઓને વિશિષ્ટ આકાર આપ્યો અને એનાપરથી વર્ણમાલા બનાવાઇ. બ્રાહ્મી લિપિનો ઉત્તરી ધારામાં શારદા, નાગરી અને કુટિલ લિપિ સ્વરૂપે વિકાસ થયો. શારદા લિપિથી ટક્કી, ડોગ્રા, ચંડી, વગેરે લિપિઓનો વિકાસ થયો. બ્રાહ્મી લિપિથી પરવર્તિ લિપિઓમાં સૌથી વધારે પરિવર્તન નાગરી લિપિમાં થયું છે.

# બ્રાહ્મી લિપિ પ્રશિક્ષણ કાર્યશાળા

**(શ્રુતભવન અને પુણે વિદ્યાપીઠના સંયુક્ત તત્ત્વાવધાનમાં ૨૯ થી ૩૧ ઑગસ્ટ ૨૦૧૮ સુધી આયોજિત ત્રિદિવસીય બ્રાહ્મી લિપિ પ્રશિક્ષણ કાર્યશાળાનો વૃત્તાંત)**

ડેક્કન કૉલેજ પદવ્યુત્તર સંશોધન સંસ્થા અભિમત વિદ્યાપીઠના અમેરિકન ઇંસ્ટીટ્યુટ ઓફ ઇંડિયન સ્ટડીજ (AIIS)માં અમેરિકાથી ઘણા વિદ્યાર્થીઓ પૂનામાં દરવર્ષે ત્રણ મહિના માટે પ્રાકૃત અને જૈન તત્ત્વજ્ઞાન શીખવા આવે છે. શેઠ હિરાચંદ નેમચંદ જૈન અધ્યાસન સાવિત્રીબાઈ ફુલે પુણે વિદ્યાપીઠના પ્રમુખ પ્રો. ડૉ. **વિમલ અનિલ બાફના** અમેરિકન ઇંસ્ટીટ્યુટમાં આવેલા વિદ્યાર્થીને પ્રાકૃત ભણાવે છે. ડૉ. વિમલજી તા. ૬-૮-૨૦૧૮ના દિવસે અમેરિકન ઇંસ્ટીટ્યુટના વિદ્યાર્થીઓ શ્રુતભવનની મુલાકાત માટે લઇ આવ્યા હતા. શ્રુતભવનમાં ચાલતી શાસ્ત્ર સંશોધન પ્રકલ્પની ક્રમબદ્ધ પ્રક્રિયા, પ્રાચીન હસ્તલિખિત પ્રતોનું સૂચિનિર્માણ કાર્ય અને અભ્યાસ વર્ગ પ્રકલ્પની માહિતી મેળવી તેઓ અત્યંત પ્રભાવિત થયા. પૂજ્ય ગુરુદેવ સાથે આગળના અધ્યયન અને જૈન તત્ત્વજ્ઞાન વિષે વાર્તાલાપ કરી. શ્રુતભવનમાં ક્યારેક પ્રાચીન લિપિયો તથા ભાષાઓ શીખવાનો અવસર મળે તો અમે વધારે ખુશ થઇશું આવું એ અમેરિકાના વિદ્યાર્થીઓએ કહ્યું. વિમલજીએ પૂજ્ય ગણિવર **વૈરાગ્યરતિવિજયજી** મ.સા.ની સામે બ્રાહ્મી લિપિ પ્રશિક્ષણ કાર્યશાળાનું આયોજન કરવાનો પ્રસ્તાવ મુક્યો. પૂજ્ય ગુરુદેવે પણ સહમતિ આપી અને તે વિષે માર્ગદર્શન કર્યું. કાર્યશાળાનું આયોજન થયું. આ કાર્યશાળામાં સહભાગી થવા લગભગ ૧૨૦ લોકોએ ઇચ્છા વ્યક્ત કરી હતી. એમાંથી ૪૫ લોકોની પસંદગી કરવામાં આવી.



એરિક વિડાલોબો (અમરિકા), એ.શશી અને ડૉ.વિમલજી બાફના શ્રુતભવનમાં

કાર્યશાળાનું ઉદ્‌ઘાટન પૂના વિદ્યાપીઠના **કુલગુરુ ડૉ. નિતીન કરમળકરજી**એ કર્યું. આ પ્રસંગે વિદ્યાપીઠના **કુલસચિવ ડૉ. અરવિંદ શાળીગ્રામ** પણ ઉપસ્થિત રહ્યા હતા. તત્ત્વજ્ઞાન વિભાગના પ્રમુખ, સંસ્કૃત પ્રગત અધ્યયન કેંદ્ર તથા મહર્ષિ સાન્દીપનિ રાષ્ટ્રીય વેદવિદ્યા પ્રતિષ્ઠાન, ઉજ્જૈનના ઉપાધ્યક્ષ **પ્રા. ડૉ. રવિંદ્ર મુળે,** સંસ્કૃત તથા પ્રાકૃતભાષા વિભાગના પ્રમુખ **ડૉ. રાજશ્રી મોહાડીકર**, તત્ત્વજ્ઞાન વિભાગના **પ્રો. ટંડન, રાજેંદ્રભાઇ બાંઠીયા** તથા **લલીત ગુંદેચા** આદિ માન્યવર હાજર રહ્યાં હતાં.

આ કાર્યશાળામાં ડૉક્ટર, ઇંજીનિઅર, પુરાતત્ત્વ વિભાગ, ઇતિહાસ વગેરે અલગ અલગ ક્ષેત્રોના સહયોગી ઉપસ્થિત રહ્યા હતા. ત્રણ દિવસની કાર્યશાળામાં બ્રાહ્મી લિપિની વર્ણમાલા શિક્ષા, અલગ અલગ પદ્ધતિથી



કુલગુરુ ડૉ. નિતીન કરમળકરનું મનોગત

અભ્યાસ તથા બ્રાહ્મી લિપિમાં લખાયેલા સમ્રાટ અશોકના શિલાલેખનું વાંચન કરવાયું. આ કાર્યશાળામાં ડૉ. અનિર્વાણ દાશજીના **પ્રાચીન ભારતીય લિપિઓનો પરિચય** અને ડૉ. મહાવીર શાસ્ત્રીજીના **બ્રાહ્મી લિપિનો આધુનિક લિપિઓ સુધીનો વિકાસ** આ વિષયો પર વ્યાખ્યાનનું આયોજન પણ થયું હતું. છેલ્લા દિવસે પરીક્ષા પણ લેવામાં આવી. કાર્યશાળાનું સમાપન અને પ્રમાણપત્ર વિતરણ પુણે વિદ્યાપીઠના પ્ર-કુલગુરુ **ડૉ. એન. એસ. ઉમરાણીજી**ના હસ્તે થયું.

સમાપન સમારોહમાં શ્રુતભવનના પ્રતિનિધિરૂપે **વર્ધમાનજી જૈન** (C.A) ઉપસ્થિત રહ્યા.. શ્રુતભવન કેંદ્રમાં કાર્યરત શ્રી **અમિતકુમાર ઉપાધ્યે**, શ્રી **કૃષ્ણા ભગવાન માળી** તથા એમના સહકારીઓએ બ્રાહ્મી લિપિ શીખવી.

આખા વિશ્વમાં આપણી સંસ્કૃતિના વૈભવના કારણે ભારતનું સ્થાન હંમેશા ઉંચુ રહ્યું છે. આ સાંસ્કૃતિક વૈભવને આગામી પેઢી સુધી સક્ષમતાથી અને સટીકતાથી પહોંચડવાનું ભગીરથ કાર્ય જૈન અધ્યાસન અને **શ્રુતભવન** વગેરે સંસ્થાઓ કરી રહી છે. તે ખરેખર પ્રશંસાને પાત્ર છે. આ કાર્યશાળા સાંસ્કૃતિક વારસાને સમૃદ્ધ કરવાવાળી છે. - **ડૉ. એન. એસ. ઉમરાણી** (પ્ર-કુલગુરુ, પુણે વિદ્યાપીઠ)



બ્રાહ્મી લિપિ પ્રશિક્ષણ કાર્યશાળા

ભારતીય સંસ્કૃતિના અભ્યાસ માટે પ્રાચીન લિપિનું જ્ઞાન બહુ જ જરુરી છે. અને આ જ્ઞાન મેળવવાનો અવસર આ કાર્યશાળામાં મળે છે. પ્રાચીન લિપિ શીખવા માટે આટલો પ્રતિસાદ નિશ્ચિતરૂપે ગૌરવાસ્પદ છે. અને ભવિષ્યમાં પણ આવી પ્રાચીન લિપિ અને પ્રાચીન ભાષા શીખવા માટે કાર્યશાળાઓનું આયોજન થતું રહે. પુણે વિદ્યાપીઠમાં આ માટે તમામ સુવિધા ઉપલબ્ધ રહેશે.

- **ડૉ. નિતીન કરમળકર** (કુલગુરુ, પુણે વિદ્યાપીઠ)

આ કાર્યશાળામાં અલગ અલગ ક્ષેત્રમાં કાર્ય કરવાવાળા વ્યક્તિઓનો સહયોગ જોવા મળ્યો. આના આયોજનથી જિજ્ઞાસુઓને નવી દિશા મળી. શ્રુતભવન સંશોધન કેંદ્ર નિશ્ચિતરૂપે પ્રસંશાને પાત્ર છે. પ્રાચીન લિપિઓ, સંસ્કૃત, પ્રાકૃત વગેરે ભાષાઓ, હસ્તપ્રતવિદ્યા વગેરે વિષયોનું ઉંડાણપૂર્વક અધ્યયન શ્રુતભવનમાં ચાલે છે. જે પ્રાચીન જ્ઞાનસંપદાને ઉજાગર કરવામાં અતિ મહત્ત્વપૂર્ણ છે. **ભારતવર્ષની સંસ્કૃતિને ઉજાગર કરવામાં આ સંસ્થાનું યોગદાન પ્રશંસાપાત્ર છે.**

- **ડૉ. રવિંદ્ર મુળે** (તત્ત્વજ્ઞાન વિભાગ પ્રમુખ, પુણે વિદ્યાપીઠ)

## ● ● બ્રાહ્મી લિપિ પ્રશિક્ષણ કાર્યશાળામાં ઉપસ્થિત પ્રશિક્ષણાર્થીઓના અભિપ્રાય ● ●

આયોજકોની પ્રતિબદ્ધતા, સમ્રાટ અશોકના કાળમાં વપરાતી લિપિને ઓળખવા તથા વાંચવા માટે સારું આયોજન અને પ્રખ્યાત વક્તાઓને આમંત્રિત કરીને અમને લાભાન્વિત કર્યા.

- **ડૉ. આશા વિજય રાવ** (પ્રાધ્યાપિકા - ડૉ. ડી.વાય. પાટીલ કૉલેજ)

અમને બધાને સમ્રાટ અશોકના સમયમાં લઇ જવાયા હતા. બ્રાહ્મી લિપિ શીખવાથી એક પ્રકારની આત્મિક શાંતિ પ્રાપ્ત થઇ.

- **શ્રીનિવાસ સૈબી** (બી. એ. ઇતિહાસ)

નવી લિપિ શીખવાનો આનંદ મળ્યો. શ્રુતભવન સંસ્થાને એક ગ્રુપ બનાવીને દર અઠવાડિયે બ્રાહ્મી લિપિમાં લખેલ પરિચ્છેદ અભ્યાસ માટે આપવામાં આવે તો લિપિનું જ્ઞાન જીવંત રહેશે.

- **અમોલ ગાયકવાડ** (પીએચડી ઇતિહાસ)

કાર્યશાળાનું આયોજન ખૂબ જ સુંદર હતું. બ્રાહ્મી લિપિમાં ડીપ્લોમાં અથવા સર્ટીફિકેટ કોર્સનું આયોજન થાય જેનાથી આ લિપિ વિષે જાગૃતિ અને જ્ઞાન વધે.

- **સુભાષ મુસળે** (આર્કિટેક્ટ)

It was a wonderful experience to learn Brahmi script. The guest lectures, staff and the organization of the program was great. I hope that three or many such programs in the future. Thank you.

- **Nachiket Daunde** (Computer Engineer)

Very well organized. The experts helped us to understand the script in a very easy method. It was a wonderful aademic experience. I would suggest to conduct such workshops regularly and also make it a Diploma or Certificate course. Nice interaction with all. Sincere thanks to the organizations.

- **Ajay Pujari** (PhD)

પદાર્પણ



દિ. ૧૪-૦૭-૨૦૧૮ પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ રત્નચંદ્રસૂરીશ્વરજી મ.સા.





દિ. ૧૬-૦૯-૨૦૧૮ શ્રી અંકલેશ્વર શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, અંકલેશ્વર

# શ્રુતભવન સંશોધન કેંદ્ર કાર્યવિવરણ

શાસ્ત્ર સંશોધન પ્રકલ્પ અંતર્ગત **લોકપ્રકાશ, શ્રેયાંસજિનચરિત, અનેકાર્થધ્વનિમંજરી, અમરકોશ સહ ટીકા, ચેતોદૂત કાવ્ય અને વાક્યપ્રકાશ સહ ટીકા**નું સંપાદન કાર્ય પ્રવર્તમાન છે.

**કારકપ્રકરણસંગ્રહ, અઢારપાપસ્થાનક કૃતિસંગ્રહ, શુભાભિલાષા** (સંસ્કૃત ટીકા, હિંદી-ગુજરાતી-અંગ્રેજી અનુવાદ) પ્રકાશન માટે તૈયાર છે.

વર્ધમાન જિનરત્નકોશ પ્રકલ્પ અંતર્ગત **પૂ. આ. શ્રી મુનિચંદ્રસૂરિજી મ.સા., પૂ. આ. શ્રી રત્નાચલસૂરિજી મ.સા., પૂ. આ. શ્રી કુલચંદ્રસૂરિજી મ.સા., નીરજમુનિજી, મુનિશ્રી ધર્મરત્નવિજયજી મ.સા.**ને હસ્તલિખિત પ્રત સંબંધિત માહિતી આપવાનો લાભ મળ્યો.

મધ્યપ્રદેશમાં ચાર હસ્તલિખિત જ્ઞાનભંડારોનું સ્કેનિંગ કાર્ય પ્રવર્તમાન છે.

## પ્રાચીન શ્રુતસંપદાના સમુદ્ધાર અર્થે સમુદાર સહયોગ આપનારા મહાનુભાવ

શ્રી ભવાનીપુર મૂર્તિપૂજક જૈન શ્વેતાંબર સંઘ, કલકત્તા.

પૂજ્ય સા. શ્રી **જિનરત્નાશ્રીજી** મ.સા.ની પ્રેરણાથી શ્રી અંકલેશ્વર શ્વેતાંબર મુર્તિપૂજક જૈન સંઘ, અંકલેશ્વર

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ આરાધક ટ્રસ્ટ, પુખરાજ રાયચંદ આરાધના ભવન, સાબરમતી, અમદાવાદ

પૂજ્ય આ. શ્રી **મુક્તિપ્રભસૂરિજી** મ.સા.ની પ્રેરણાથી શ્રીમતી અલકાબેન અને કાંતાબેનની દીક્ષા મહોત્સવ સમિતિ, પુણે

પૂજ્ય આ.શ્રી **નયભદ્રસૂરિજી** મ.સા.ની પ્રેરણાથી તપગચ્છ ઉદય-કલ્યાણ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક ટ્રસ્ટ, બોરીવલી, મુંબઇ

પૂજ્ય મુ. **પ્રશમરતિવિજયજી** મ.સા.ની પ્રેરણાથી શ્રી સુમતિનાથ સ્વામી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, રામદાસ પેઠ, નાગપુર

પૂજ્ય આ. શ્રી **દેવચંદ્રસાગરસૂરિજી** મ.સા.ના પ્રેરણાથી શ્રી આગમોદ્ધારક દેવર્ધિ જૈન આગમ મંદિર ટ્રસ્ટ, પુણે

## સમાચાર

શ્રુતભવનમાં પ.પૂ.આ.શ્રી **યશોભદ્રસૂ.** મ.સા., પ.પૂ.આ.શ્રી **પીયૂષભદ્રસૂ.** મ.સા, પ.પૂ.આ.શ્રી **યુગભૂષણસૂ.** મ.સા. (પંડિત મહારાજ), પ.પૂ.આ.શ્રી **ભવ્યદર્શનસૂ.** મ.સા., સા. શ્રી **વિપુલદર્શિતાશ્રીજી** મ. (ત્રિસ્તુતિક), સા. શ્રી **રુચકદર્શનાશ્રીજી** મ., સા. શ્રી **પીયૂષદર્શનાશ્રીજી** મ. (આનંદઋષિજી સમુદાય), સા.શ્રી **અર્ચિતગુણાશ્રીજી** મ., ટિળક આયુર્વેદ મહાવિદ્યાલય, પુણેના સંશોધન વિભાગના અધ્યાપકોનું પદાર્પણ થયું.

અખિલ ભારતીય વર્ધમાન સ્થાનકવાસી જૈન સ્વાધ્યાય સંઘ, પુણેમાં પૂ. ગણિવર **વૈરાગ્યરતિવિજયજી** મ.સા.નું વ્યાખ્યાન થયું.

પૂ. મુ. **ગણધરરત્નવિ.** મ.સા. તથા પૂ. મુ. **ક્ષેમરત્નવિ.** મ.સા. ની પાવન નિશ્રામાં કર્જત શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘમાં **મારો પ્રિય શ્લોક** તથા **મૃત્યુનું મેનેજમેંટ** આ પુસ્તકનું વિમોચન સંપન્ન થયું. મુનિશ્રી **પ્રશમરતિવિજયજી** મ.સા.નું યવતમાલ ચાતુર્માસ છે.

પૂ. સા. **જિનરત્નાશ્રીજી** મ.સાનું ચાતુર્માસ અંકલેશ્વર છે. ત્યાં તેમણે લિંબડી સંપ્રદાયના **અનિલાબાઈ મહાસતીજી**ને બ્રાહ્મી લિપિ શીખવી.

सान्निध्यं कुरुताद् ब्राह्मी देवता वरदायिनी।
सेवका यत्प्रसादेन साधयन्तीप्सितं फलम्॥
(अष्टलक्षी - उपा. समयसुंदर)

જેની કૃપાથી સેવકો ઇચ્છિત ફળ પ્રાપ્ત કરે છે
તે વરદાન આપનારી બ્રાહ્મી દેવી
અમારું સાન્નિધ્ય કરો.

કાર્યકારી તંત્રી
ગૌરવ કે. શાહ (૯૮૩૩૧૩૯૮૮૩)

**Printed Matter**
Posted under clause 121 & 114 (7) of P & T Guide

To,

**From : Shrutbhavan Research Centre,**
**(Initiation of Shrutdeep Research Foundation)**
47/48, Achal Farm, Nr. Sachchai Mata Mandir, Ahead of Jain Agam Temple, Katraj, Pune-411046
Mo. 07744005728 Email : shrutbhavan@gmail.com Website : www.shrutbhavan.org

For Informative and Inspirational speeches about Shrut please subscribe our Shrutbhavan YouTube channel